એકપણ એજન્ડા વગર મળેલી મહાપાલિકાની સામાન્ય સભા
પેઈજ નં. ૨

સિહોર તાબેના થાળા ગામના કૂવામાંથી કપાયેલો મૃતદેહ મળ્યો
પેઈજ નં. ૪

દેશમાં કોમ્પ્યુટર વેચાણમાં ફરી વખત નોંધપાત્ર વધારો
પેઈજ નં. ૫

સીટી વોચ
અસ્સલ ગુજરાતી
સંપૂર્ણ ગુજરાતી ઈ-પેપર

colour creation
high court road,
Bhavnagar.

વર્ષ : ૨ અંક : ૧૫ તા. ૩૦-૦૭-૨૦૧૦ શુક્રવાર તંત્રી : હિતેશ રવિયા

# સોહરાબુદ્દીન કેસમાં બે IPS સકંજામાં આવશે

અમદાવાદ, શુક્રવાર

દેશભરમાં ચકચાર જગાવનાર સોહરાબુદ્દીન બનાવટી એનકાઉન્ટર અને કૌસરબીની ભેદી હત્યા કેસમાં વધુ બે આઈપીએસ અધિકારીઓની સીબીઆઈ ધરપકડ કરે તેવી શક્યતા વર્તાય રહી છે. સીબીઆઈના વધતા જતા સકંજાને લઈને અધિકારીઓમાં પણ હાલ દહેશત દેખાઈ રહી છે. સીબીઆઈ પોતાના નેટવર્કને વધુ વિસ્તૃત બનાવીને ખૂટતી કડીઓ મેળવવા માટે તમામ એંગલથી તપાસ કરી રહી છે. જેથી જેના ઉપર શંકા છે તે અધિકારીઓની પૂછપરછ કરી શકાય છે. આઈપીએસ ઓફિસરો બનાવ વખતે કોઈને કોઈ રીતે સામેલ હોઈ શકે છે તેવી પણ શંકા છે.

સોહરાબુદ્દીન નકલી એનકાઉન્ટર કેસમાં ડી.જી. વણઝારા, રાજુકમાર પાંડિયન, દિનેશ કુમાર એમ.એન., અભય ચુડાસમા સહિત વધુ બે આઈપીએસ અધિકારીઓની સીબીઆઈ ધરપકડ કરે તેવી ચર્ચા પોલીસ બેડામાં વર્તાય રહી છે. સીબીઆઈએ તપાસના પ્રથમ તબક્કામાં જ ક્રાઈમ બ્રાંચના પૂર્વ ડીસીપી અભય ચુડાસમા અને રાજ્યના પૂર્વ ગૃહમંત્રી અમિત શાહની ધરપકડ કરતા ચકચાર મચી જવા પામી હતી. આ કેસમાં સીબીઆઈએ કોર્ટમાં પ્રથમ ચાર્જશીટ રજૂ કરી છે. સીબીઆઈ દ્વારા કેસની તપાસ પૂરઝડપથી ચાલી રહી છે ત્યારે સોહરાબુદ્દીન એનકાઉન્ટર કેસમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા તમામ શખ્સોની ધરપકડ કરવાનો સીબીઆઈએ તખ્તો તૈયાર કરી લીધો છે. સીબીઆઈ આ કેસની તપાસ ગુજરાતથી રાજસ્થાન તરફ લઈ રહ્યા છે ત્યારે અન્ય નેતાઓની પણ સંડોવણી જણાઈ રહી છે. સોહરાબુદ્દીન કેસમાં સીબીઆઈ હવે કોની ધરપકડ કરશે તેની ચર્ચા લોકમુખે જોવા મળી રહી છે.

**ચકચારી પ્રકરણમાં સીબીઆઈની નજર રાજ્યના આઈપીએસ ઓફિસરો ઉપર કેન્દ્રિત : અધિકારીઓમાં ખળભળાટ : કયા બે તે અંગે સસ્પેન્સ અકબંધ**

## સોહરાબ કેસમાં કોની શું ભૂમિકા

અમદાવાદ, શુક્રવાર

સોહરાબુદ્દીન શેખ બનાવટી એનકાઉન્ટર મામલામાં એક પછી એક અધિકારીઓ સીબીઆઈના સકંજામાં આવી રહ્યા છે. હજુ પણ કેટલાક એવા ઓફિસર છે જેમના ઉપર સંકટના વાદળો ઘેરાયેલા છે. જે આઈપીએસ અધિકારીઓ તાપાસના ઘેરામાં આવ્યા બાદ ફસાઈ ચૂક્યા છે. તો અધિકારીઓની સમગ્ર પ્રકરણમાં ભૂમિકા શું હતી આ ઉપરાંત અન્ય ટોચના લોકોની ભૂમિકા વિશેની ટૂંકી રૂપરેખા નીચે મુજબ છે.

૧. ડી.જી. વણઝારા : હત્યા અને કૌસરબીની લાશને સગેવગે કરવાના કાવતરામાં ચાવીરૂપ ભૂમિકા.

૨. રાજકુમાર પાંડિયન : હૈદરાબાદથી સોહરાબુદ્દીન અને કૌસરબીનું અપહરણ અને સમગ્ર કાવતરામાં ચાવીરૂપ ભૂમિકા.

૩. દિનેશકુમાર એમ.એન. : રાજસ્થાનની માર્બલ લોબી અને રાજકીય નેતાની સાંઠગાંઠથી સોહરાબુદ્દીન મીશન પાર પાડવામાં સક્રીય ભૂમિકા.

૪. ડૉ. નરેન્દ્ર અમીન : કોસરબીની લાશને સગવગે કરવાનું તથા પુરાવાનો નાશ કરવાની ભૂમિકા.

૫. અભય ચુડાસમા : સાહેદોને ધાકધમકી, ખંડણી અને સીબીઆઈની તપાસ ઉપર મોનિટરીંગ કરી તપાસ સાક્ષીઓને તપાસમાં માહિતી ન આપવાની બાબતમાં સોહરાબુદ્દીન એનકાઉન્ટરમાં મુખ્ય ભૂમિકા.

૬. એન.વી. ચૌહાણ : સોહરાબુદ્દીનને એનકાઉન્ટરમાં ગોળી મારવાનો આરોપ.

૭. વી.એ. રાઠોડ : કૌસરબીની લાશને સળગાવવા લાકડા ભરેલ ટ્રકનું પાઈલોટીંગ કરી ઈલોલ સુધી જવામાં ચાવીરૂપ ભૂમિકા.

૮. અમિત શાહ : સોહરાબુદ્દીન એનકાઉન્ટરના માસ્ટર માઈન્ડ. સોહરાબુદ્દીનની હત્યા કરાવવા રાજસ્થાનની માર્બલ લોબી તથા રાજકીય સાંઠગાંઠ રચી ષડયંત્ર રચી વણઝારા અને ચુડાસમાને કામ કરવાની જવાબદારી સોંપવી.

૯. અજય પટેલ : પોપ્યુલર બિલ્ડર્સના માલિક પટેલ બ્રધર્સને પતાવટ માટે લાલચ આપી સમજાવવાના કાવતરામાં ફસાવવાનો આરોપ.

૧૦. યશપાલ ચુડાસમા : ખંડણી અને સાક્ષીઓને ધાકધમકી આપવાનો આરોપ.

